શ્રી પંચકલ્યાણકની પુજા.

—०—

પંડીત વીરવીજેની બનાવેલી

છપાવી પ્રસિદ્ધ કરનાર

મગનલાલ દેવચંદ.

અમદાવાદમાં

ણુ દરવાજા નજીક સરૈયા સાંકળચંદ હરી૦

લાલના મકાનમાં અમદાવાદ સત્યોદય પ્રેસમાં

મગનલાલ મનસુખરામે છાપી.

સંવત ૧૯૪૦ સન ૧૮૮૪

કિંમત ૧॥ આનો

શ્રી

પંચકલ્યાણકની પુજા.

---o---

પુજા ૧ લી

॥ દુહા ॥ શ્રી શંખેશ્વર સાહીબો ॥ સુરતરૂ સમ અવદાત ॥ પુરષાદાણી પાસજી ॥ ખટ દર્શન વિખ્યાત ॥ ૧ ॥ પંચમે આરે પ્રાણીયા ॥ સમરે ઉઠી સવાર ॥ વંછીત પુરે દુખ હરે ॥ વંદુ વાર હજાર ॥ ૨ ॥ અવસર પિણ તેવીસમા ॥ નેમનાથ જીણ ભુત ॥ તસ ગણધર પદ પ્રામીને ॥ શાશો શીવ વધુ કંત ॥ ૩ ॥ દામોદર જિન મુખ સુણી ॥ નિજ આતમ ઉદ્ધાર ॥ તદા અશાડી શ્રાવકે ॥ મુર્તી ભરાવી સાર ॥ ૪ ॥ સુવિહિત આચારજ કને ॥ અંજનશલાકા કીધ ॥ પંચકલ્યાણક ઓછવે ॥ માનું વચનજ લીધ ॥ ૫ ॥ સિદ્ધ સ્વરૂપ રમણ ભણી ॥ નીલ તન પડિમા જેહ ॥ થાપી પંચ કલ્યાણકે ॥ પુજે ધન નર તેહ ॥ ૬ ॥ કલ્યાણક ઓછવ કરી ॥ પુરણ હર્ષ નિમિત ॥ નંદીસર જઇ દેવતા ॥ પુજે સાસ્વત ચૈત્ય ॥ ૭ ॥ કલ્યાણક પુજન સહિત ॥ રચના રચશુ તેમ ॥ દુર્જન વિષધર ડોલશે ॥ સજ્જન માનશે પ્રેમ ॥ ૮ ॥ ઢાળ

૧ ફૂલ ૨ અક્ષત તણી ૩ ।। જળ ૪ ચંદન ૫ મનોહાર ધુપ ૬ દીપ ૭ નૈવેદ્યશું ૮ પુજા અષ્ટ પ્રકાર ।। ૫ ।।

ઢાળ.

પ્રથમ પુરવ દિશે ।। એ દેશી ।। પ્રથમ એક પીઠીકા ।। ઝગમગ દીપીકા ।। થાપી પ્રભુ પાસ તે ઉપરેએ ।। ૨-જત રકેબીયો ।। વિવિધ કુસુમે ભરી ।। હાથ નર નારી ધરી ઉચ્ચરેએ ।। ૧ ।। કનક બાહુ ભવે ।। બંધ જિન નામનો ।। કરિય દસમે દેવલોક વાશી ।। સકસુરથી ઘણી ।। તેજ કાંતિ બણી ।। વીસ સાગર સુખ તે વીલાશી।। ૨ ।। ખેત્ર દસ જિનવરા ।। કલ્યાણક પાંચસે ।। ઓછવ કરત સુર સાથશુંએ ।। થઇય અગ્રેશરી ।। સાસય જિન તણી ।। રચત પુજા નિજ હાથશુંએ ।। ૩ ।। યોગ્ય શાસ મતા ।। માસ ખટ થાકતા ।। દેવને દુખ બહુ જાતીનુંએ ।। તે નવી નિપજે ।। દેવ જિન જીવને ।। જોવતાં હાણ ઉપપાતનુંએ ।। ૪ ।। મુક્તીપુર મારગે ।। શીતળ છાંહડી ।। તીરથની ભૂમી ગંગાજળેઓ।। ચેત્ય અભિશેકતા ।। સુકૃત તરૂ સિંચતા ।। ભક્તિ બહુલા ભવિ ભેતરેએ ।। ૫ ।। વારણુને અસી ।। દોય વચમાં વસી ।। કાશી વણારશી નયરીયેએ ।। અશ્વસેન ભુપતી ।। વામા રાણી સતી ।। જૈનમતી રતિ અનુસારીયેએ ।। ૬ ।। ચ્યાર ગતિ ચોપડા ।। ચવનના ચુકવી ।। શિવ ગયા તસ ઘર નમન જાવે ।। બાળ રૂપે સુર તિહાં ।। જનની મુખ જોવતા ।। શ્રી સુભવીર આણંદ પાવે ।। ૭ ।। અથ

કાવ્ય ॥ ભોગીયદા લોક નતો વિયોગી ॥ બન્નુંવ પાતોહ પદે નિયોગી ॥ કલ્યાણ કારી દુરીસાપ હારી ॥ કુશાવતા રી વરદસ પાર્શ્વ ॥ ૧ ॥ ઓ૦ રહો ॥ શ્રી પરમપુ રૂષાય પરમેશ્વરાય જન્મજરા મૃત્યુ નિવારણાય શ્રીમતે જિનેંદ્રાય પુષ્પાણિય જલેકુ સ્વાહાઃ ॥ ઇતિ ચ્યવન કલ્યા ણકે પ્રથમ પુજા ॥૧ ॥

॥ દુહા ॥ કૃષ્ણ ચતુર્થિ ચૈત્રની ॥પુરણાયુ સુર તેહ ॥ વામા માત ઉદર નિશિ ॥ અવતરીયા ગુણ ગેહ ॥ ૧ ॥ સુપન ચતુર્દશ મોટકાં ॥ દેખે માતા તામ ॥ ર યણી સમે નિજ મંદીરે ॥ સુખ સજ્યા વિસરામ ॥ ૨ ॥

ઢાળ.

મિથાત વામિને કોસ્યા સમકીત પામીરે ॥ એ દેશી ॥ રૂડો ભાસ વસંત ફળી વન રાજીરે ॥ રાયણને સહકાર વાલ્હા ॥ કેતકી જાય ને માલતીરે ॥ ભ મર કરે ઝંકાર વાલ્હા ॥ કોયલ મદ ભર ટહુકતીરે ॥ બે ઠી આંબા ડાળ વાલ્હા ॥ હંસ જુગલ જળી ઝીલતાંરે ॥ વિમળ સરોવર પાર વાલ્હા ॥ મંદ પવનની લેહેરમાંરે ॥ માતા સુપન નિહાળ વાલ્હા ॥આંકણી ॥ દીઠો પ્રથમ ગ જ ઉજળોરે ॥બીજે રીખભ ગુણવંત વ્હાલા॥ તીજે સીંહ જ કેસરીરે ॥ ચોથે શ્રીદેવી મહંત વાલ્હા ॥ માળ જુગલ કુ સ પાંચમેરે ॥ છઠે રોહિણી કંત વાલ્હા ॥ ઉગતો સુરજ સાતમેરે ॥ આઠમે ધજ લેહકંત વાલ્હા ॥ રૂડોમા૦ ॥ નવમે કળશ રૂપા તણોરે ॥ દસમે પદમ સર જાણ વા

હુડા ॥ અગીઆરમે રતનાગરૂરે ॥ બારમે દેવ વિમાન વા
લ્હા ॥ ગંજ રતનનો તેરમોરે ॥ ચઉદમે વગની વખાણું
વાલ્હા ॥ ઉતરતાં આકાશથીરે ॥ પેસતાં વદન પ્રમાણુ વા
લ્હા ॥ ૩૦ ॥ ૨ ॥ માતા સુપન લહી જાગીયારે ॥ આ
વેચી જુએ સુરરાજ વાલ્હા ॥ શક્ર સ્તવ કરી વંદીઆરે
॥ જનની ઉદર જીનરાજ વાલ્હા ॥ એણે સમે ઇંદ્ર આ
વીયારે ॥ માતા આગળ ધરી લાજ વાલ્હા ॥ ધન્ય વ
તિ તુમે પામીયુંરે ॥ તણ ભુવનનું રાજ વાલ્હા ॥ ૩ ૨૦
ચઉદ સુપનનો અરથ કહીરે ॥ ઇંદ્ર ગયા નિજ ઠામ વા
લ્હા ॥ ચોસઠ ઇંદ્ર મળી ગયારે ॥ નંદીસર જિન ધામ
વાલ્હા ॥ ચ્યવન કલ્યાણક ઓછવરે ॥ શ્રીફળ પુજન કામ
વાલ્હા ॥ શ્રી શુભવીર તેણે સમેરે ॥ જગત જીવ વિસરા
મ વાલ્હા ॥ ૪ ॥ ॥ ભોગી૦ ॥ ઓ૦ શ્રીફલ પુજાય
ક્તમે સ્વાહા: ॥ ઇતિ દ્વિતીય પુજા ॥

—o—

પુજા ૩ જી.

॥ દુહા ॥ રાણી ઉદર ત્રૂપ તેડીયા ॥ સુપન પાઠ
ક નીજ ગેહ ॥ ચઉદ સુપન ફળ સાંભળી ॥ તૃતીય વી
સર્જ્યા તેહ ॥ ૧ ॥ ત્રણ જ્ઞાનેસ્યું ઉપન્યા ॥ તેત્રિશમા
અરિહંત ॥ વાધ્યા ઉરસલ હંસલે ॥ દીન દીન વૃદ્ધિ લ
હંત ॥ દોહલા પુરે ભુપતી ॥ સંગીયો વૃંદ સમેત ॥ નિ

ન પુજે અક્ષત ધરી ॥ ચામર પંખા લેત ॥ ૨ ॥

ઢાળ.

મીત એક ચોરી નવી કરીએ ॥ એ દેશી ॥ રમતિ ગમતિ હમુને સહેલી ॥ બિહુ મળી શિજીયે એક તાળી ॥ ખિ આજ અનોપમ દિવાળી ॥ લીલ વિલાશી પુરણ મા સે ॥ પોશ દશમનિશી રઢીયાળી ॥ સ૦ ॥ ૧ ॥ પશુ પં ખી વશિયાં વનવાશી ॥ તે પણ સુખિયાં સમકાળી ॥ સ૦ ॥ એણિ રાતે ઘર ઘર ઓછવસે ॥ સુખિયાં જગ તમેં નર નારી ॥ સ૦ ॥ ૨ ॥ ઉતમ ગ્રહ વિશાખા જોગે ॥ જનમ્યા પ્રભુજી જયકારી ॥ સ૦ ॥ સાતે નરકે થ યાં અજુઆળાં ॥ થાવરને પણ સુખકારી ॥ સ૦ ૩ ॥ માતનમી આઠે દિગ કુમરી ॥ અધો લોકની વસનારી ॥ સ૦ ॥ સુતી ઘર ઈશાને કરતી ॥ જોજન એક અ સુચી ટાળી ॥ સ૦ ૪ ॥ ઉરધ લોકની આઠ કુમારી ॥ વરસાંધે જળ કુસુમાળી ॥ સ૦ ॥ પુર્વે રૂચક આઠ દ- રપણ ધરતી ॥ દક્ષણની અડકલ શાળી ॥ સ૦ ૫ ॥ આઠ પછિમની પંખા ધરતી ॥ ઉત્તર આઠ ચમર ઢાળી ॥ સ૦ ॥ વિદિશીની ચઉ દીપ ધરંતી ॥ રૂચક દીપની ચઉ બાળી ॥ સ૦ ૬ ॥ કેળ તણાં ઘર ત્રણ કરીને ॥ મર્દન સ્નાન અલંકારી ॥ સ૦ ॥ રક્ષા પોટલી બાંધી બિહુને ॥ મંદિર મેહેલ્યાં શિણગારી ॥ સ૦ ૭ ॥ પ્રભુ

મુખ કમળે ભમરી ભમરી ॥ રાસ રમંતી લટકાળી ॥ સ૦ ॥ પ્રભુ૦ માતા તું જગતની માતા ॥ જગ દીપકની ધરનારી ॥ સ૦ ૮ ॥ માજી તુજ નંદન ઘણું જીવો ॥ ઉત્તમ જીવને ઉપગારી ॥ સ૦ ॥ છપ્પનદિગ કુમરી ગુણ ગાતી ॥ શ્રી શુભવીર વચન શાળી ॥ સ૦ ૯ ॥ ભોગી૦ ખો૦ ॥ ઇતિ અક્ષત પુજા તૃતિય ॥ ૩ ॥

પુજા ૪ થી

॥ દુહા ॥ ચલીતાસન સોહમપતી ॥ રચી વધમાન વિશાલ ॥ પ્રભુ જન્મોછવ કારણે ॥ આવંતા તતકાળા॥૧

ઢાળ.

॥ કાજ શીધાં શકલ હવે સાર ॥ એ દેશી ॥

હરી સઘોષ ઘંટ વજાવે ॥ દેવ દેવી સર્વે મિલાવે ॥ હરે પાલક સુર અભિધાન ॥ લિખે પાલક નામે વિમાન ॥ ૧ ॥ પ્રભુ પાસનું મુખડું જોવા ॥ ભવ ભવનાં પાતીક ખોવા ॥ ચાલે સુર નીજ નીજ ટોળે ॥ મુખ મંગળીક માળા બોલે ॥ પ્રભુ૦ ૨॥ સિંહાસન બેઠા ચલીયા ॥ હરી બહુ દેવે પરવરીયા ॥ નારી મીત્રના પેરયા આવે ॥ કેઇક પોતાને ભાવે ॥ પ્રભુ૦ ૩ હુકમે કેઇ ભક્તિ ભરેવા ॥ વળી કેઇક કૌતક જોવા ॥ કઇ કાસર કેસરી નામ ॥

દખ્ખી ગરૂડ ચડ્યા કેઇ છાગ ॥ પ્રભુ૦ ૪ ॥ વાહન બૈમા
નની વાસ ॥ સહિુ થયું આકાશ ॥ કેઇ બોલે કરતા
તાડા ॥ સાંકડા બાઇ પર્વના દાડા ॥ પ્રભુ૦ ॥ ૫ ॥ ઇદ્રાં
આવ્યા સર્વ આણંદે ॥ જિન જનનીને હરી વંદે ॥ પાંચ
રૂપે હરિ પ્રભુ હાથ ॥ એક છત્ર ધરે શિર નાથ ॥ પ્ર-
ભુ૦ ૬ ॥ બે બાજુ ચમર ઢાળે ॥ એક આગળ વજ્ર
ઉલાળે ॥ જઇ મેરૂ ધરિ ઉછંગે ॥ ઈંદ્ર ચોસઠ મળીયા
રૂગે ॥ પ્રભુ૦ ॥૭॥ ખીરોદક ગંગા વાણિ ॥ માગધ વર
દામના પાણિ ॥ જાતિ આઠના કળસ ભરીને ॥ અઢિસેં
અભિષેક કરીને ॥ પ્રભુ૦ ॥૮॥ દીવો મંગળ આરતી કી
જે ॥ ચંદન કુસુમે કરી પુજે ॥ ગીત વાજીત્રના બહુ
ઠાઠ ॥ આલેખે મંગળ આઠ ॥ પ્રભુ૦ ॥૯॥ ઇત્યાદિક ઓ
છવ કરતા ॥ જઇ માતા પાસે ધરતા ॥ કુંડળ જુગ વસ્ત્ર
ઓસીકે ॥ દડો ગેડી રતન મેં મુકે ॥ પ્રભુ૦ ॥ ૧૦ ॥
ક્રોડ બત્રીસ રત્ન રૂપઇયા ॥ વરસાવિ ઈંદ્ર ઉચરીયા ॥ જી
ન માતાસ્યુ જે ધરે ખેદ ત તસ મસ્તક થાશે છેદ ॥ પ્ર
॥ ૧૧ ॥ અંગુઠે અમૃત વાહી ॥ નંદીશ્વર કરે અઠાઇ ॥
દેવ રાજા પુત્ર વધાઇ ॥ ઘર ઘર તોરણ બિરચાઇ ॥ પ્ર॥
૧૨ ॥ દસ દિન ઓછવ મંડાવે ॥ બારમેદિન નાત જમા
વે ॥ નામ થાપે પાર્શ્વકુમાર ॥શુભ વિરવિજય જયકાર ॥
પ્રભુ ॥ ૧૩ ॥ બોગિ૦ ॥ ઓ૦ ॥ ઈતી જળ પુજા પુ
જા ચતુર્થી

પુજા ૫ મી.

॥ દુહો ॥ અમૃત પાને ઉછર્યા ॥ રમતા પાસ કુમાર ॥ અહિ લંછન નવ કરતનુ વરતે અતીશય ચાર ॥ ૧ ॥ યૌવન વય પ્રભુ પામતા માત પિતાદિક જેહ ॥ ચંદને પરણાવે નૃપ પુત્રિકા પ્રભાવતી ગુણ ગેહ ॥ ૨ ॥ ધસિ ઘન સારસ્યું ॥ નિજ ઘર ચૈત્ય વિશાલ ॥ પુજો પુષ્પ ભરણ મેળવી ॥ પુજે જગત દયાલ ॥ ૩ ॥

ઢાળ.

બાળ પણે જોગી હુવા માઇ ભીક્ષા દોને ॥ એ દેશી ॥ સોના રૂપાકે સોગટે સઇયા ખેલત બાજી ॥ ઇંદ્રાણી મુખ દેખતે હરી હોતહે રાજી ॥ ૧ ॥ એક દિન ગંગાકે ભૂ-ચે સુર સાથ બીહારા ॥ નારી ચકોરા અપછરા બોહોત કરત નીહારા ॥ ૨ ॥ ગંગાકે જળ ઝીલતે છાંડી બાહ-લીયાં ॥ બાવન ખેલ ખેલાયકે સવી મંદીર વળિયા ॥ ૩ ॥ મંદીર માળિયે ॥ સારી આલમ દેખે ॥ હાથ પુજાકે ચલે ॥ ખાન પાન વિશેખે ॥ પુછ્યા પડુતર દેતહે ॥ સુનો મોહન મેરે ॥ તાપસકુ બંદન ચલે ॥ ઉઠી લોક સવેરે ॥ ૫ કમઠ જોગી તપ કરે પંચ અગનકી ઝાળા, હાથીલાલ કહામણી ગળે મોહનમાળા ॥ ૬ ॥ પાસ કુંવર દેખન ચલે તપશીપે આયા ॥ ઉહીનાણે દેખકે ॥ પિછે જોગી બોલાયા ॥ ૭ ॥ સુણ તપશી સુખ લેણકુ ॥ જબે

રોગ૮ માગે ॥ અજ્ઞાનસે અગ્નિ ગિચે જોગકુ પરજાળે ॥
૮ ॥ કમઠ કહે સુણુ રાજવી તુમે અસ્ત્ર ખેલાઓ જોગી
કે ઘર હે બડે ॥ મત કો બતલાઓ ॥ ૯ ॥ તેરા ગુરૂ
કુન હે બડા ॥ જિને જોગ ધરાયા ॥ નહી ઓળખાયા
ધર્મકુ ॥ તનુ કષ્ટ બતાયા ॥ ૧૦ ॥ હમ ગુરૂ ધર્મ પીછા
નતે નહી કવડી પાસે ॥ ભુલ ગયે દુનિયા દશા રેહેતે વ-
નવાસો॥૧૧॥ વનવાશી પસુ પંખીયાં ॥ એસે તુમ જોગી॥જો
ગી નહી પણ ભોગીયા ॥ સંસારકે સંગી ॥૧૨॥ સંસાર
બુરા છોડકે ॥ સુન હો લઘુ રાજા ॥ જોગી જંગલ શે-
વતે ॥ લેઇ ધર્મ અવાજા ॥ ૧૩ ॥ દયા ધરમકા મુળ હે
॥ કયા કાન ફુકાયા ॥ જીવ દયા નહુ જાનતે ॥ તપ કો
ગઠ માયા ॥ ૧૪ ॥ બાત દયાકી દાખિયે ॥ ભુલ ચુક
મારા ॥ ખેર ભેર કયા બોલણા ॥ એસા ઢાગ ડમાળા ॥
૧૫ ॥ સાંઇ હુકમસે શેવકે ॥ બડા કાષ્ટ ચિરાયા ॥ ના-
ગ નિકાલા એકલા॥ પરજલતી કાયા ॥૧૬॥શેવક મુખ ન-
વકારસે ॥ ધરણેંદ્ર બનાયા ॥ નાગ કુમારે દેવતા ॥ બહુ
રિદ્ધિ પાયા ॥૧૭॥ રાણી સાથ વસંતમે ॥ વન ભીતર
પેઠે ॥ પ્રાસાદ સુંદર દેખને ॥ ઉંહા જાકર બેઠે ॥ ૧૮
રાજીમતીકુ છોડકે નેમ સંયમ લીના ॥ ચિત્રામણ જીન
જોવતે ॥ વૈરાગે ભિના ॥ ૧૯ લોકાંતિક સુર તે સમે॥
બોલે કરજોરી ॥ અવસર સંજમ લેનકા ॥ અબ બેર હે
થોરી ॥ ૨૦ નિજ ઘેર આયે નાથજી ॥ પિયા ખિણ ખિ
ણુ રોવે ॥ માત પિતા સમજાય કે ॥ દાન વરશી દેવે ॥
૨૧ ॥ દિન દુઃખ સુખીયા કિયા ॥ દાળદ્રકુ સુરે ॥ શ્રી

સુખ વિર હરિ તિહાં ॥ ધન સઘળા પુરે ॥ ૨૨ ॥ બો-
ગી૦ એ૦ ॥ ચંદન પુજા ॥ ઇતિ જન્મ કલ્યાણ કે ॥
પંચમી ચંદન પુજા ॥ ૫ ॥

—o—

પુજા ૬ ઠ.

॥ દુહા ॥ વરશી દાનને અવસરે ॥ દાનશીએ ભગ્ન
તેહ ॥ રોગ હરે ખટમાસનો ॥ પામે સુંદર દેહ ॥ ૧ ॥
ધુપ ઘટા ઘરી હાથમાં ॥ દીક્ષા અવસર જાણ ॥ દેવ
અસંખ્યમિલ્યા તિહાં ॥ માનું સંજમ ઠાણ ॥ ૨ ॥

ઢાળ.

તીસ વરસ ઘરમાં.
દૃખો ગતિ દેવનીરે ॥ એ દેશી ॥ સંજમ રશીયા જાણીને
વસ્યારે ॥ સુખ ભર વામા નંદ ॥ નમો નિત નાથજીરે ॥ ૧ ॥
રે ॥ મળિયા ચોસઠ ઇંદ્ર ॥ નમો ॥ એ આંકણી ॥ તિરથે.હઠ
નિરખત નયના નંદ ॥ નમો ॥ આઠ જાતિ કળ.
વર ઓખદ્દિરે ॥ મેળવતા બહુ ઠાઠ ॥ નમો ॥ ૨ ॥ અસ્વ
સા ભરીરે ॥ એક સહસને આઠ ॥ નમો ॥ સુરતરૂ પેરે
સેન રાજા પુરેરે ॥ પાછળ સુર અભિષેક ॥ નમો ॥ ૩ ॥
અલંક રહયારે ॥ દેય ન ભુલે વિવેક ॥ બેઠા સિંહાસવ નાથ ॥ બેઠિ વ
વિસાલા રૂપ શિબિકારે ॥

ડરી દક્ષણેરે ॥ પટસાટક મેઈ હાથ ॥ નમો ૪ ॥ વામ
દિસે અંબ ધાતરીરે ॥ પાછળ ધરી શણુગાર ॥ છત્ર ધં
એક જોવનારે ॥ ઇશાન ફળ કરનાર ॥ નમો ॥ ૫ ॥ અ
ગ્નિ ખુણે એક જોવનારે ॥ રયણુ મે પંખો હાથ ॥ ચસ
ત શીબીકા ગ.વતીરે ॥ સર્વ સાહેલી સાથ ॥ નમો ॥ ૬
સક્ર ઇશાન ચામર ધરેરે ॥ વાજીત્રનો નહી પાર ॥ આઠ
મંગળ આગળ ચલેરે ॥ ઇંદ્ર ધજા ઝાકાર ॥ નમો ॥
॥ ૭ ॥ દેવ દેવી નર નારીયોરે ॥ જુએ કરે પરણામ ॥
ઝુગમાં પડેરા સજનારે ॥ બોલે પ્રભુને તામ ॥ નમો
॥ ૮ જીત નિશાન ચડાવજોરે ॥ મોહનિ કરે ચકચુર ॥
જીમ સંવસ્તર દાનથીરે ॥ દળદર કાઢ્યું દુર ॥ નમો ॥
૯ ॥ વરઘેડેથી ઉતર્યારે ॥ કાશી નયરને બાહાર ॥ આ
શ્રપુદ ઉદ્યાનમાંરે ॥ વૃક્ષ અશોક રસાળ ॥ નમો ॥ ૧૦॥
અઠમ તપ ભુખણુ તજીરે ॥ ઉચ્ચરે મહાવ્રત ચાર ॥
પોસ બહુલ એકાદશીરે ॥ ત્રણ્ય સયાં પરિવાર ॥ નમો
॥ ૧૧ ॥ મન પર્યવ તવ ઉપન્યુરે ॥ ખંધ ધરે જગદીશ
॥ દેવ દુસ ઇંદ્રે દિયુરે ॥ રહેસે વરેસ ચતતિસ ॥ નમો
॥ ૧૨ ॥ કાઉશગ મુદ્રાયે રહ્યારે ॥ સુર નંદીસર જાત
॥ માત પીતા વંદી વળ્યારે ॥ શ્રીસુભ વીર પ્રભાત ॥
નમો ॥ ૧૩ ॥ ભોગી૦ ॥ ૐ૦ ॥ ઇતિ દીક્ષા કલ્યાણકે
ધુપ પુજા ॥૬ ॥

પુજા ૭ મી

॥ દુહા ॥ સારથ ધન્ય ઘરે પારણુ ॥ પ્રથમ પ્રભુએ કીધ પંચ દિવ્ય પ્રગટાવિને ॥ તાસ મુગતિ સુખ દીધ ॥ ૧ ॥ જગ દીપક પ્રગટાવવા ॥ તપ તપતા રહિ રાણુ ॥ તિણે દીપકની પુજના ॥ કરતાં કેવળ નાણુ ॥ ૨ ॥

ઢાળ.

મહાવીર પ્રભુ ઘેર આવે ॥ એ દેશી ॥ પ્રભુ પારસ નાથ સધાવ્યા ॥ કાદંબરી અટવી આવ્યા ॥ કુંડ નામે સરોવર નીરે ॥ ભર્યું પંકજ નીરમળ નીરેરે ॥ મન ॥ ૧ ॥ ધન્ય લોક નગર ધન્ય વેળારે ॥ મન ॥ આંકણી કાઉસગ મુંદ્રા પ્રભુ ઠાવે ॥ વન હાથી તિહાં એક આવે જળ સુંઢ ભરિ નવરાવે ॥ જીન અંધે કમળ ચઢાવેરે ॥ ॥ મન ॥ ૨ ॥ કળી કુંડ તીરથ તિહાં થાવે ॥ હસ્તી દેવની ગતી પાવે ॥ વળી કોસુભ વન આણંદે ॥ ધરણેંદ્ર વિનય ધરી વંદેરે ॥ મન ॥ ૩ ॥ ત્રણ દિન ફણી છત્ર ધરાવે ॥ અહીછત્રા નગરી વસાવે ॥ ચલના તાપસ ઘર પુંઠે ॥ નીશી આવી વસ્યા વડ હેઠેરે ॥ મન ॥ ૪ ॥ થયો કમઠ મરી મેઘમાળી ॥ આવ્યો વિભંગ નિહાળી ॥ ઉપસર્ગ કર્યા બહુ જાતી ॥ નિશ્ચળ દીઠી જીન છાતીરે ॥ મન ॥ ૫ ॥ ગગને જળ ભરી બાદળીઓ ॥ વરસે ગાજે વીજળીઓ ॥ પ્રભુ નાશા ઉપર જળ જાવે ॥ ધરણેંદ્ર પ્રિયાસહ આવેરે ॥ મન ॥ ૬ ઉપસર્ગ હરી પ્રભુ પુજી ॥ મેઘમાળી પાપથી ધ્રુજી ॥ જીન

ભક્તિ સમકિત પાવે ॥ એકુ જણ શ્વરગે સુધાવેરે ॥ મન ॥ ૭ ॥ આવ્યા કાશી ઉદ્યાને ॥ રહ્યા સ્વામી કાઉસગ ધ્યાને ॥ અપુરવ વીરજ ઉલ્લાસે ॥ ઘન ઘાતી ચાર વિનાશેરે ॥ મન ॥ ૮ ॥ ચોરાશી ગયા દીન આખા ॥ વદી ચઇત્ર ચોથ વીશાખા ॥ અઠમ તરૂ ધાતકી વાસી ॥ થયા લોક પરકાશીરે ॥ મન ॥ ૯ ॥ ગાજે ચોસઠ ઈંદ્ર લેવાર ॥ રચે સમોવસરણ મનોહાર ॥ સિંહાસન સ્વામી સુહાવે ॥ શીર ચામર છત્ર ધરાવેરે ॥ મન ॥ ૧૦ ॥ ચોત્રીસ અતિશય થાવે ॥ વનપાળ વધામણી લાવે ॥ અશ્વસેન વામા રાણિ પરભાવતી હરખે ભરાણીરે ॥ મન ॥ ૧૧ ॥ સામૈયુ સજી સહુ વંદે ॥ જિન વાણી સુણી આણંદે ॥ સસરો સાસુ વહુ સાથે ॥ દિક્ષા લીધી પ્રભુ હાથેરે ॥ મન ॥ ૧૨ ॥ સંઘ સાથે ગણી પદ ધરતા ॥ સુર જ્ઞાંન મહોછવ કરતા ॥ સ્વામી દેવ છંદે સુહાવે ॥ સુભ વીર વચન રસ ગાવેરે ॥ મન ॥ ૧૩ ॥ ભોગી॰॥ ઓ॰ ઇતિ કેવળજ્ઞાન કલ્યાણકે દીપક પુજા સપ્તમી॥ ૭ ॥

પુજા ૮ મી.

॥ દુહા ॥ સુભ આદે દસ ગણધરા ॥ સાધુ સોળ હજાર ॥ અડતીસ સહસ તે સાધવી ॥ સ્વાર મહાવ્રતધાર ॥ ૧ ॥ એક લખ ચઉસઠ સહસછે ॥ શ્રાવકનો પરીવાર ॥ સગ વીસ સહસ તે શ્રાવિકા ॥ તિગલખ ઉપર બાર

॥ ૨ ॥ દેશ વિરતીધર એ સહુ ॥ પૂજે જિન ત્રણ કાલ ॥પ્રભુ પડિમા આગળ ધરે ॥ નિત્ય નૈવેદનો થાળ ॥ ૩ ॥

ઢાળ.

॥એક સમે સામળીયાજી વૃંદાવનમાં ॥ એ દેશી ॥ રંગ રશીયા રંગરસ બન્યો ॥ મન મોહનજી ॥ કોઇ આગળ નવિ કહેવાય ॥ મનડું મોહ્યુંરે મન મોહનજી ॥ વેધકતા વેધક લહે ॥ મન ॥ બીજા બેઠા વા ખાય ॥મનડું ॥ ૧ ॥ લોકોતર ફળ નીપજે ॥ મન ॥ મોટો પ્રભુનો ઉપગાર ॥ મનડું ॥ કેવળ નાણ દિવા કરૂ ॥ મન ॥ વિચરંતા સુર પરિવાર ॥ મનડું ॥ ૨ ॥ કનક કમળ પગલાં ઠવે ॥ મન ॥ જળ બુંદ કુસુમ વરસાત ॥ મનડું ॥શિર છ-ત્ર વળિ ચામર ઢળે ॥ મન ॥ તરૂનમતા મારગ જાત ॥મનડું ॥ ૩ ॥ ઉપદેશી કેઇ તારીયા મન ॥ગુણ પાંત્રીસ વાણી રસાળ ॥ મનડું ॥ નર નારી સુર અપછરા ॥મનડું ॥ પ્રભુ આગળ નાટકસાળ ॥ મનડું ॥ ૪ ॥ અવની તળ પાવન કરી ॥ મન ॥ અંતિમ ચોમાસું જાણુ ॥ મનડું ॥ સમેતશીખર ગિરી આવિયા ॥ મન ॥ ચઢતા શિવ ઘર-સોપાન ॥ મનડું ॥ ૫ ॥ શ્રાવણ સુદિ આઠમ દિને ॥ મન ॥ વિશાખાએ જગદીશ ॥ મનડું ॥ અણસણ કરી એક માસનું ॥ મન ॥ સાથે મુનિવર તેત્રીસ ॥મનડું ॥ ૬ ॥ કાઉસગમાં મુગતિ વરયા ॥ મન ॥ સુખ પામ્યા સાદિ અનંત ॥મનડું ॥ એક સમય સમશ્રેણથી ॥ મન ॥ નિકમાં ચઉ દૃષ્ટાંત ॥ મનડું ॥ ૭ ॥ સુરપતિ, સઘળા તેહાં મળે ॥મન ॥ ખીરોદધી આણે નીર ॥ મનડું ॥

સ્નાનવિલેપણ ભુખણે ॥ મન ॥ દેવ કુસે સ્વામી શરીર
॥મનકું ॥ ૮ ॥ શોભાવી ધરી શિબીકા ॥ મન ॥ વા-
જીત્રને નાટક ગીત॥ મનકું ॥ ચદંદન ચયપરજળતા ॥
મન ॥ સુરભકતી શોક સહિત ॥ મનકું ॥ ૯ ॥ થુંભ
કરે તે ઉપરે ॥ મન ॥ દાઢાદિક સર્ગે શેવ ॥ મનકું ॥
ભાવ ઉદ્યોત ગયે ;થકે ॥ મન ॥ દીવાળી કરતા દેવ ॥
મનકું ॥ ૧૦ ॥ નંદિસર ઓછવ કરે ॥ મન ॥ કલ્યા-
ણક મોક્ષાનંદ ॥ મનકું ॥ વર્ષ અઢિસે આંતરૂ ॥ મન॥
સુભ વીર ને પાસ જીણુંદ ॥ મનકું ॥ ૧૧ ॥

અથ ગીત

ઘેર આવો ઢોલા ॥ એ દેશી ॥ ઓછવ રંગ વધામ-
ણા પ્રભુ પાસને નામે ॥ કલ્યાણક ઓછવ કીયો ॥ ચડ-
તે પરીણામે ॥ ઓછવ ॥ ૧ ॥ સતવરસાયુ જીવીને ॥
॥અક્ષય સુખ સ્વામિ ॥ તુમ પદ શેવા ભક્તિમાં ॥ ન-
વિ રાખું ખામી ॥ ઓછવ ॥ ૨ ॥ સાચી ભગતે સાહી
બા ॥ રીઝો એક વેળા ॥ શ્રી સુભ વીર હુવેસદા મન
વંછીત મેળા ॥ ॥ ૩ ॥

કળસ.

ગાયો ગાયોરે સંખેશ્વર સાહીબ ગાયો ॥ જાદવ લોક-
ની જરા નીવારી ॥ જીનજી જગત ગવાયો ॥ પંચકલ્યા-
ણક ઓછવ કરતાં ॥ અમ ઘર રંગ વધાયોરે ॥ સં ॥
૧ ॥ તપા ગછ શ્રી શીંહસુરીના ॥ સત્ય વીજય ગુરૂ
પાયો ॥ કપુર જવિય ગુરૂ ખીમાવિજય તસ॥ જસ વિ-

જ્યો મુનિરયોરે ॥ સં ॥ ૨ ॥ નામ શીસ સંવેગી ગીતારથ ॥ શાંત સુધારસ નાહ્યો ॥ શ્રી સુભ વિજયસુ ગુરૂ સુપસાયે ॥ જય કમળા જગ પાયોરે ॥ સં ॥ ૩ ॥ રાજનગરમાં રહી ચોમાસુ ॥ કુમતિ કુતિર્ક હઠાયો ॥ વીજયદેવ સુરીશ્વર રાજે ॥ એ અધીકાર બનાયોરે ॥ સં ॥ ૪ અઢારસે નવ્યાસી અખય ત્રીજ ॥ અક્ષત પુન્ય ઊપાયો ॥ પંડીત વીરવીજય પદમાવતી ॥ વંછીત દાય સહાયોરે ॥ સં ॥ ૫ ભોગી૦ ॥ ઓં૦ નૈવેદ્યંગ યજામહે સ્વાહા: ॥ ઇતિ શ્રી પંચકલ્યાણક મહોછવે અષ્ટપ્રકારી પૂજા સંપુર્ણ.

સમાપ્ત

આમાં કાંઇ ભુલ ચુક હોય તો તે મીછામી દોકડં ને વાંચનારાઓએ માફ કરી અમારી ભુલને સુધારીને વાંચવું

જાહેર ખબર.

અમારે ત્યાં આ શિવાય જૈનધર્મનાં તથા કાયદાતથ. હાઈકોરટના ફેંસલા તથા વારતાઓ તથા ગાયનો વિગરે હરેક જાતનાં પુસ્તકો રોકડી કીમતે કીફાયતથી મળશે, જેમને જોઈએ તેમણે મંગાવવાં, નાટપેડ કાગળ લેવામાં આવશે નહી.

બુકસેલર મગનલાલ દેવચંદ ઠા. માણેકચોકમાં